RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 12 * Issue No. 334 * Date: 25.9.2026,Friday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 350/-

# તૂર્કિયેએ ફરી આલાપ્યો કાશ્મીર રાગ...

ન્યૂયોર્કમાં દ્રષ્છ મંચ પરથી તૂર્કિયેના રાષ્ટ્રપતિ રેસેપ તૈયપ એર્દોગને ફરી કાશ્મીર મુદ્દો ઉઠાવ્યો. તેમણે દક્ષિણ એશિયાના વિવાદો વાટાઘાટોથી ઉકેલવાની વાત કરી. ૮ વર્ષમાં ૭ વખત કાશ્મીર રાગ આલાપ્યો. પાકિસ્તાન સાથેની ગાઢ મિત્રતા, મુસ્લિમ દેશોના નેતા બનવાની ઈચ્છા અને સ્થાનિક વોટ બેંક જેવા કારણોસર તૂર્કિયે આવું કરે છે. જ્યારે પણ યુનાઈટેડ નેશન્સની બેઠક હોય છે, ત્યારે તૂર્કિયેના રાષ્ટ્રપતિ રેસેપ તૈયપ




એર્દોગન 'કાશ્મીર'ની એ જ જૂની કેસેટ વગાડવાનું શરૂ કરી દે છે. કાશ્મીર મુદ્દે તેમણે કાયમ પાકિસ્તાનનો પક્ષ લઈને ભારત વિરોધી નિવેદનો આપ્યા છે. તાજેતરમાં પણ તેમણે સંયુક્ત રાષ્ટ્ર મહાસભા(દ્રષ્છ)ના મંચ પરથી કશ્મીરનો મુદ્દો ઉઠાવ્યો છે. ભારતની વારંવારની ચેતવણીઓ અને કડક વલણ છતાં તૂર્કિયે વારંવાર આવું કેમ કરે છે? ચાલો જાણીએ આ રાજકીય રમત પાછળ તૂર્કિયેની ગણતરી શું છેપતૂર્કિયેએ ૮ વર્ષમાં ૭ વાર આલાપ્યો કાશ્મીર રાગઅમેરિકાના ન્યૂયોર્કમાં યોજાયેલી સંયુકત રાષ્ટ્ર મહાસભામાં તૂર્કિયેના રાષ્ટ્રપતિ રેસેપ તૈયપ એર્દોગને ફરી એકવાર કાશ્મીરનો મુદ્દો ઉઠાવ્યો છે. તેમણે કહ્યું કે કાશ્મીર સહિત દક્ષિણ એશિયાના તમામ વિવાદો યુએન ચાર્ટરના ફ્રેમવર્ક હેઠળ વાટાઘાટો અને ચર્ચા દ્વારા ઉકેલવા જોઈએ. વર્ષ ૨૦૧૯થી અત્યાર સુધીમાં, ૮ વર્ષમાં ૭ વખત તેમણે આ મંચ પરથી કાશ્મીરનો રાગ આલાપ્યો છે.૧૯૪૭માં પાકિસ્તાન બન્યું ત્યારે તેને સૌથી પહેલા માન્યતા આપનાર દેશ તૂર્કિયે હતો.તૂર્કિયેએ યુએનમાં પણ પાકિસ્તાનના સભ્યપદને ટેકો આપ્યો હતો.બંને દેશો વચ્ચે હથિયારોનો વેપાર થાય છે. તેઓ સાથે મળીને લડાયક ડ્રોન, નૌકાદળના જહાજો અને પાંચમી પેઢીના સ્ટીલ્થ ફાટર જેટ (દ્બછછ૭દ્ઘ) પણ બનાવી રહ્યા છે.મે ૨૦૨૫માં 'ઓપરેશન સિંદૂર' વખતે જ્યારે ભારત-પાકિસ્તાન વચ્ચે તણાવ વધ્યો, ત્યારે તૂર્કિયેએ પાકિસ્તાનને ડ્રોન અને લશ્કરી સલાહકારો પૂરા પાડ્યા હતા.એટલું જ નહીં, તૂર્કિયેએ અમેરિકાને પોતાના હવાઈ ક્ષેત્રમાંથી ભારતમાં અપાચે હેલિકોપ્ટર ઉડાડવાની મંજૂરી પણ આપી ન હતી.૨: મુસ્લિમ દેશોના લીડર બનવાની ઇચ્છાએર્દોગન પોતાને જૂના 'ઓટ્ટોમન સામ્રાજ્ય'ના વારસદાર માને છે અને સમગ્ર મુસ્લિમ વિશ્વના નેતા બનવા માંગે છે. આ માટે તેઓ પેલેસ્ટાઇન, રોહિંગ્યા અને કાશ્મીર જેવા મુદ્દાઓ પર ખુલ્લેઆમ બોલે છે.સાઉદી અરેબિયા અને યુએઈ (છઈ) જેવા શક્તિશાળી દેશોથી અલગ દેખાવા માટે તેઓ પાકિસ્તાન, ની મોટી વોટ બૅંક ધાર્મિક વિચારધારા ધરાવે છે.જ્યારે પણ તૂર્કિયેના અર્થતંત્ર પર દબાણ વધે છે કે સ્થાનિક સમસ્યાઓ ઊભી થાય છે, ત્યારે એર્દોગન કાશ્મીર જેવા મુદ્દા ઉઠાવીને પોતાના સમર્થકોને ખુશ કરવાનો અને વૈશ્વિક નેતા દેખાવાનો પ્રયાસ કરે છે.પતો પછી ૨૦૨૪માં કેમ કંઈ ન બોલ્યા?એર્દોગને ૨૦૧૯ પછી માત્ર વર્ષ ૨૦૨૪માં દ્રષ્છમાં કાશ્મીરનો ઉલ્લેખ કરવાનું ટાળ્યું હતું. તે સમયે તૂર્કિયે 'મ્રૈંઝ્રજી' સંગઠનમાં જોડાવાનો પ્રયાસ કરી રહ્યું હતું અને ભારતને નારાજ કરવા માંગતું ન હતું. આનો સીધો અર્થ એ છે કે જ્યારે તૂર્કિયેને પોતાના આર્થિક ફાયદા દેખાય છે, ત્યારે તે ચૂપ રહે છે.૨૦૧૯માં ભારતે જમ્મુ-કાશ્મીરમાંથી કલમ ૩૭૦ નાબૂદ કરી હતી, ત્યારે એર્દોગને સૌથી વિવાદાસ્પદ નિવેદન આપતાં કહ્યું હતું કે, ત્યાં ૮૦ લાખ લોકો નાકાબંધીમાં જીવી રહ્યા છે અને ૭૨ વર્ષથી આંતરરાષ્ટ્રીય સમુદાય આ મુદ્દે નિષ્ફળ રહ્યો છે.

# એક્સોપ્લેનેટમાંથી સીધા મળતા રેડિયો સિગ્નલ્સની શોધમાં ખગોળશાસ્ત્રીઓને સફળતા

દક્ષિણ આફ્રિકામાં રેડિયો ટેલિસ્કોપ દ્વારા ૬૩ પ્રકાશ વર્ષ દૂર આવેલા એક ગ્રહ પરથી રેડિયો સિગ્નલ મળ્યા છે. ખગોળશાસ્ત્રીઓને સોલર સિસ્ટમ બહારના ગ્રહ પરથી સિગ્નલ શોધવામાં સફળતા મળી. આ સિગ્નલ એલિયન્સના નહીં, પરંતુ એક્સોપ્લેનેટના ઔરોરાઓમાંથી આવી રહ્યા છે. આનાથી પરગ્રહના વાતાવરણ અને ચુંબકીય ક્ષેત્રના અભ્યાસનો માર્ગ મોકળો થયો છે, જે જીવનની સંભાવના શોધવામાં મદદ કરશેએક્સોપ્લેનેટમાંથી સીધા મળતા રેડિયો સિગ્નલ્સની શોધમાં ખગોળશાસ્ત્રીઓને સફળતાદ.આફ્રિકામાં રેડિયો ટેલિસ્કોપ દ્વારા પરગ્રહમાંથી આવતા સિગ્નલનું અવલોકન કરાયુંએક્સોપ્લેનેટના મેગ્નેટિક વાતાવરણનો અભ્યાસ કરવાનો માર્ગ મોકળો : ૬૩ પ્રકાશ વર્ષના અંતરે આવેલા એક સ્ટારના ગ્રહના ઔરોરાઓથી સર્જાયા રેડિયોર્બસ્ટસન્યૂયોર્ક : સોલર સિસ્ટમની બહારના એક ગ્રહ પરથી સીધા આવી રહેલા રેડિયોસિગ્નલ શોધી કાઢવામાં ખગોળ ભૌતિક શાસ્ત્રીઓને સફળતા મળી છે. સેન્ટર ફોર એસ્ટ્રોફિઝિક્સ હાર્વર્ડ એન્ડ સ્મિથસોનિયન અને યુનિવર્સિટી ઓફ ઓરેગાવની એક ટીમને આ સફળતા મળી છે.ગ્રહો ધરાવતી સ્ટાર સિસ્ટમ્સમાંથી રેડિયોસિગનલ્સની અગાઉ નોંધ કરી શકાતી હતી પણ પ્રથમવાર એક સ્ટારની પ્રદક્ષિણા કરતા ગ્રહ પરથી આવતું રેડિયોસિગ્નલ શોધી શકાયું છે. શું એલિયન્સ સંકેત મોકલી રહ્યા છે તો પ્રશ્નનો જવાબ ના છે. એક્સોપ્લેનેટ (સોલર સિસ્ટમની બહારના અન્ય તારાની પ્રદક્ષિતા કરતો ગ્રહ)ના ઔરોરાઓ (ધ્રુવીય પ્રકાશ)માંથી સિગ્નલ આવી રહ્યા છે. પૃથ્વી પાસે પણ ઔરોરાઓ છે જેને નોર્ધન લાઈટસ અને સર્ધન લાઈટસ તરીકે જોઇ શકાય છે.સંશોધનકારોએ અભ્યાસપેપરમાં લખ્યું કે ''સોલર સિસ્ટમના પ્લેનેટસમાં ઔરોરાઓથી થતા રેડિયોબર્સ્ટનું (રિડેયો સિગ્નલ્સનો વિસ્ફોટ) અવલોકન કરી શકાય છે પણ સ્ટારની પ્રદક્ષિણા કરતા પ્લેનેટ (એક્સોપ્લેનેટ)થી પ્રથમવાર રેયિો સિગ્નલ્સની પરખ થઇ શકી છે. ઝડપી, વારંવાર અને સર્ક્યુલરલી પોલેરાઇઝડ બર્સ્ટસ ૦.૮૫ ગીગા હર્ટઝથી ૩.૫ ગીગા હટર્ઝ વચ્ચેના ફ્રિકવન્સી બેન્ડમાં જોઇ શકાયા છે.''દક્ષિણ આફ્રિકામાં ગોઠવાયેલા મીરકેટ (કાર્નાવોન શહેર પાસેના રેડિયો ટેલિસ્કોપ- જે ૬૪ ડિશ (એન્ટીનાડિશ) ધરાવે છે. રેડિયો ટેલિસ્કોપ સમૂહમાંથી અવલોકન કરાયું હતું. વર્ષ ૨૦૨૫ અને ૨૦૨૬માં ચાર જુદા સમયગાળા વચ્ચે આ શોધ થઇ હતી. ટેલિસ્કોપના જૂથનું ફોકસ સ્ટાર બીટા પિક્ટોરિસ પર અને તેની ગોળ ફરતા બીટા પિક્ટોરિસ બી, બીટા પિક્ટોરિસ સી અને બીટા પિક્ટોરિસ ડી પર હતું. સ્ટાર બીટા પિક્ટોરિસ પૃથ્વીથી લગભગ ૬૩૪ લાઇટ યર્સ (પ્રકાશ વર્ષ)ના અંતરે આવેલો છે.પૃથ્વી અને ગુરુ (જ્યુપિટર) ગ્રહ પર જે પ્રક્રિયાથી ઔરારાઓ સર્જાય છે તે ઇલેક્ટ્રોન સાઇક્લોટ્રોન માસ્ટર ઇન્સ્ટેબિલિટી (ઇસીએમઆઇ)થી જ બીટા બી ગ્રહ પર ઔરોરાઓ સર્જાયા હતા. તે ગ્રહના મેગ્નેટિક ફીલ્ડ અંગેના સંકેત પણ ઇસીએમઆઇથી મળે છે.




# અમેરિકામાં જિનપિંગનું ભવ્ય સ્વાગત, ટ્રમ્પે ૧૧ વર્ષ જૂનો રેકોર્ડ તોડી સૌને ચોંકાવ્યા: ૧૦ જાન્યુઆરી સુધી 'વેપાર યુદ્ધવિરામ'

ચીનના પ્રમુખ શી જિનપિંગ ૩ દિવસની સત્તાવાર યાત્રાએ વોશિંગ્ટન પહોંચ્યા છે. અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ૧૧ વર્ષ જૂનો પ્રોટોકોલ તોડી, મેરીલેન્ડ સ્થિત 'જોઇન્ટ બેઝ એન્ડ્રુઝ' લશ્કરી મથક પર જિનપિંગનું સ્વાગત કર્યું. વેપાર યુદ્ધવિરામ ૧૦ જાન્યુઆરી સુધી લંબાવાયો છે. તાઈવાન અને નિકાસ નિયંત્રણો મુખ્ય મુદ્દા રહેશે, જ્યારે ઈરાન વિવાદ પણ ચર્ચામાં રહેશે.ચીનના પ્રમુખ જિનપિંગ અને અમેરિકાના પ્રમુખ ટ્રમ્પ ( ફોટો: વ્હાઈટ હાઉસ/ઠ ચીનના પ્રમુખ શી જિનપિંગ બુધવારે ૩ દિવસની સત્તાવાર યાત્રાએ વોશિંગ્ટન પહોંચ્યા છે. આ મુલાકાતની શરૂઆત સાથે જ અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે વર્ષો જૂની રાજદ્વારી પરંપરાઓ બાજુ પર મૂકીને સૌને ચોંકાવી દીધા હતા.૧૧ વર્ષ જૂનો પ્રોટોકોલ તોડીને ટ્રમ્પે કર્યું સ્વાગતમેરીલેન્ડ સ્થિત 'જોઇન્ટ બેઝ એન્ડ્રુઝ' લશ્કરી મથક પર પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને ફર્સ્ટ લેડી મેલાનિયા ટ્રમ્પ રૂબરૂ હાજર રહ્યા હતા અને વિમાન પાસે જઈને શી જિનપિંગ તથા તેમની પત્ની પેંગ લિયુઆનનું સ્વાગત કર્યું હતું. ઝ-જીઁછદ્ગના પ્રમુખ કાર્યક્રમોના ઐતિહાસિક રેકોર્ડ મુજબ, છેલ્લે વર્ષ ૨૦૧૫માં તત્કાલીન પ્રમુખ બરાક ઓબામાએ પોપ ફ્રાન્સિસનું એરપોર્ટ પર જાતે જઈને સ્વાગત કર્યું હતું. ત્યારપછી કોઈ વિદેશી નેતાનું વિમાન પાસે જઈને સ્વાગત કરવાનો આ પ્રથમ બનાવ છે.લગભગ ૩ વર્ષ પછી અમેરિકા પહોંચેલા ચીની પ્રમુખના આગમન વેળાએ મિલિટ્રી બેન્ડે ધૂન વગાડી હતી અને તોપોની સલામી આપવામાં આવી હતી. આ દરમિયાન ઉપરથી એક મ્-૧ બોમ્બર વિમાન પસાર થતાં ટ્રમ્પ સહેજ ચોંકી ગયા હોય તેવું જણાયું હતું. બંને નેતાઓએ હાથ મિલાવ્યા અને ટૂંકી વાતચીત કરી હતી. ત્યારબાદ બંને નેતાઓ એરબેઝ પરથી અલગ-અલગ રવાના થયા હતા. તેમની વચ્ચેની ઔપચારિક બેઠક ગુરુવારે યોજાનાર છે.ચીન અને અમેરિકાએ હરીફ બનવાને બદલે એકબીજાના ભાગીદાર બનવું જોઈએ. જો બંને દેશો સાથે મળીને કામ કરશે તો આ અમેરિકા પ્રવાસ અત્યંત ફળદાયી સાબિત થશે. — શી જિનપિંગ (ચીની સ્ટેટ ન્યૂઝ એજન્સી શિન્હુઆ અનુસાર)વેપાર યુદ્ધ વિરામ ૧૦ જાન્યુઆરી સુધી લંબાવવામાં આવ્યોઔપચારિક મંત્રણાઓ પહેલાં જ બંને પક્ષો વચ્ચે એક મહત્ત્વની સહમતિ સધાઈ છે. યુએસ ટ્રેઝરી સેક્રેટરી સ્કોટ બેસેન્ટે જણાવ્યું હતું કે, યુએસ-ચીન વચ્ચેનો વેપાર યુદ્ધ વિરામ, જે ૧૦ નવેમ્બરના રોજ પૂર્ણ થવાનો હતો, તેને ૨ મહિના વધારીને હવે ૧૦ જાન્યુઆરી સુધી લંબાવી દેવામાં આવ્યો છે. સ્કોટ બેસેન્ટે ફોક્સ ન્યૂઝ સાથેની વાતચીતમાં પુષ્ટિ કરી કે તેમણે અને ચીનના વાઈસ પ્રીમિયર હે લિફેંગે શિખર સંમેલન પૂર્વે આ સમયમર્યાદા લંબાવવા પર સંમતિ દર્શાવી છે. જોકે, વોશિંગ્ટન સ્થિત ચીની દૂતાવાસે આ અંગે તાત્કાલિક કોઈ ટિપ્પણી કરી નહોતી. બંને પક્ષો ચોક્કસ સેક્ટરો પર ટેરિફ, નશાના કારોબાર સામે સંયુક્ત કાર્યવાહી અને બંને દેશોની સેનાઓ વચ્ચે સીધા સંવાદને મજબૂત કરવાના મુદ્દાઓ પર નાના કરારો કરી શકે છે. આ ઉપરાંત આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (છૈં) ટેકનોલોજી પણ ચર્ચાનો મહત્ત્વનો મુદ્દો રહેશે, જેમાં બંને દેશો એકબીજા સામે ટેકનોલોજીકલ વર્ચસ્વની સ્પર્ધા કરી રહ્યા છે.તાઈવાન અને નિકાસ નિયંત્રણો: વાટાઘાટોમાં સૌથી કઠિન અડચણઆ મંત્રણામાં સૌથી જટિલ પ્રશ્ન તાઈવાનનો રહેવાની શક્યતા છે.

# ભારત-પાકિસ્તાન જેવા સંઘર્ષો ઉકેલવામાં વૈશ્વિક સંસ્થાઓ નિષ્ફળ: UN પર અમેરિકાનો આરોપ

અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રુબિયોએ બુધવારે જણાવ્યું કે, આંતરરાષ્ટ્રીય સિસ્ટમ તૂટી ગઈ છે. ન્યૂયોર્કમાં તેમણે કહ્યું કે, વિશ્વમાં મોટા સંઘર્ષોને પહોંચી વળવા પૂરતી અસરકારક આંતરરાષ્ટ્રીય વ્યવસ્થાનો અભાવ છે. રુબિયોએ ભારત-પાકિસ્તાન, થાઈલેન્ડ-કંબોડિયા અને આફ્રિકાના સંઘર્ષોનો ઉલ્લેખ કરી કહ્યું કે, વૈશ્વિક તંત્ર પોતાના મૂળ ઉદ્દેશ્યથી ભટકી ગયું છે. અમેરિકા પોતાના હિતોને સર્વોપરી રાખશે. વિશ્વભરમાં વધી રહેલા યુદ્ધો અને રાજદ્વારી તણાવ વચ્ચે અમેરિકાએ સંયુક્ત રાષ્ટ્ર સહિતના વૈશ્વિક માળખા સામે આકરા સવાલો ઊભા કર્યા છે. અમેરિકાના વિદેશ મંત્રી (સેક્રેટરી ઓફ સ્ટેટ) માર્કો રુબિયોએ બુધવારે જણાવ્યું હતું કે, વિશ્વમાં હાલ મોટા સંઘર્ષોને પહોંચી વળવા માટે પૂરતી અસરકારક આંતરરાષ્ટ્રીય



વ્યવસ્થાનો અભાવ છે. તેમણે ખાસ કરીને ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંભવિત તણાવ, થાઈલેન્ડ અને કંબોડિયા વચ્ચેની અથડામણો તેમજ ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગોન્યૂયોર્કમાં પત્રકારો સાથે વાતચીત કરતા માર્કો રુબિયોએ સ્વીકાર્યું હતું કે જો આવા વિવાદોને ઉકેલવા માટે કોઈ સક્ષમ અને કાર્યક્ષમ આંતરરાષ્ટ્રીય વ્યવસ્થા અસ્તિત્વમાં હોય તો તે ખૂબ ઉત્તમ બાબત ગણાશે. જોકે વર્તમાન વૈશ્વિક વ્યવસ્થા પોતાના મૂળ હેતુથી ઘણી આગળ વધીને ભટકી ગઈ છે. અમેરિકા આંતરરાષ્ટ્રીય વ્યવસ્થાના મૂલ્યને ઓળખે છે અને સંયુક્ત રાષ્ટ્ર જેવી સંસ્થાઓમાં અપાર ક્ષમતા છે, પરંતુ આ સંસ્થાઓ તે ક્ષમતા મુજબ પરિણામ આપવામાં નિષ્ફળ રહી છે અને પોતાના અધિકારક્ષેત્રની બહારની બાબતોમાં ગૂંચવાઈ ગઈ છે.વિશ્વના નેતાઓનો સંદર્ભ આપતાં રુબિયોએ કહ્યું હતું કે આંતરરાષ્ટ્રીય સિસ્ટમ યોગ્ય રીતે કામ નથી કરી રહી તે બાબતે મોટાભાગના દેશો સહમત છે. આ વ્યવસ્થાને ફરી પોતાના મૂળ ફોકસ અને વાસ્તવિક ભૂમિકા પર પાછી લાવવી પડશે. જો આપણી પાસે એવી કાર્યક્ષમ વ્યવસ્થા હોત જે ભૂતકાળમાં થાઈલેન્ડ અને કંબોડિયા વચ્ચે થયેલા યુદ્ધને અથવા ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંભવિત સંઘર્ષને અસરકારક રીતે સંભાળી શકી હોત તો ઘણું સારું હોત, પરંતુ હાલ આપણી પાસે એવી કોઈ સિસ્ટમ જણાતી નથી જે આ સમસ્યાઓનો ઉકેલ લાવી શકે.માર્કો રુબિયોએ ચોખવટ કરી હતી કે હું સ્પષ્ટ કરવા માગું છું કે આ કોઈ આંતરરાષ્ટ્રીય વ્યવસ્થા પરનો હુમલો નથી. પરંતુ અંતે, જ્યાં સુધી પ્રમુખ ટ્રમ્પ સત્તામાં છે ત્યાં સુધી અમેરિકા હંમેશાં પોતાના દેશના રાષ્ટ્રીય હિતમાં જ પગલાં ભરશે, નહી કે કોઈ આંતરરાષ્ટ્રીય ઓર્ડરના હિતમાં. અમે ક્યારેય યુએસના હિતોથી ઉપર વૈશ્વિક વ્યવસ્થાને નહી મૂકીએ.ટ્રમ્પનો મધ્યસ્થીનો દાવો અને ભારતનું સ્પષ્ટ વલણમાર્કો રુબિયોનું આ નિવેદન એવા સમયે સામે આવ્યું

## તંત્રી લેખ

# ઓક્ટોબરમાં આવશે ૧૦૦% ઈથેનોલથી ચાલતી કાર

કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ દિલ્હીમાં જણાવ્યું કે, ઓક્ટોબરમાં ૧૦૦% ઈથેનોલ પર ચાલતી ટોયોટા ઈનોવા કાર લોન્ચ થશે. આ વાહન ઈલેક્ટ્રિફાઈડ પાવરટ્રેન સાથે આવશે અને તેનો ખર્ચ આશરે રૂ. ૨૫ પ્રતિ લિટર પેટ્રોલ જેટલો થશે. ઈથેનોલના ઉપયોગથી સસ્તું ઈંધણ અને ખેડૂતોને ફાયદો થશે, તેમજ કૃષિ ક્ષેત્રની માંગ પણ વધશે. હાલ ૧૯ દેશોમાં ઈથેનોલનો ઉપયોગ થાય છે.કેન્દ્રીય રોડ અને હાઈવે મંત્રી નીતિન ગડકરીએ જણાવ્યું છે કે તેમને ૧૦૦ ટકા ઈથેનોલ પર ચાલવા સક્ષમ ટોયોટા ઈનોવા કારના લોન્ચિંગ માટે આમંત્રણ મળ્યું છે, જે આગામી ઓક્ટોબર મહિનામાં લોન્ચ થવા જઈ રહી છે. ઈ૨૦ પેટ્રોલને લઈને ચાલી રહેલી ચર્ચાઓ વચ્ચે તેમણે ઈથેનોલ અને ફ્લેક્સ-ફ્યુઅલ વાહનોના સમર્થનની વાત ફરી કરી હતી.દિલ્હીમાં યોજાયેલા એક કાર્યક્રમમાં બોલતા નીતિન ગડકરીએ જણાવ્યું હતું કે હાલ વિશ્વના ૧૯ દેશોમાં ઈથેનોલનો ઉપયોગ થઈ રહ્યો છે અને હવે આ ઈંધણ વાપરતા વાહનો તરફથી કોઈ ફરિયાદો પણ મળી રહી નથી. ટોયોટાનું આ નવું વાહન ૧૦૦ ટકા ઈથેનોલ પર ચાલશે અને તેમાં ઈલેક્ટ્રિફાઈડ પાવરટ્રેનનો ઉપયોગ કરવામાં આવશે. રિપોર્ટ અનુસાર, આ વાહનને ચલાવવાનો ખર્ચ આશરે રૂ. ૨૫ પ્રતિ લીટર પેટ્રોલની કિંમત જેટલો જ બેસી શકે છે.ટોયોટાએ તેની ભારતીય વેબસાઈટ પર ઓક્ટોબરના કોમર્શિયલ લોન્ચ અંગે અલગથી કોઈ જાહેરાત કરી નથી, પરંતુ ઓટોમેકર કંપની છેલ્લા કેટલાક વર્ષોથી આ ટેકનોલોજી પર કામ કરી રહી છે. અગાઉ ઓગસ્ટ ૨૦૨૩માં ટોયોટા કિર્લોસ્કર મોટરે દિલ્હીમાં ઈનોવા હાઈક્રોસ પર આધારિત ઈલેક્ટ્રિફાઈડ ફ્લેક્સ-ફ્યુઅલ પ્રોટોટાઈપ રજૂ કર્યો હતો.

# મહેસાણાના બાલિયાસણમાં ઘરમાં ઘૂસી પરિણીતા પર લાકડીથી હુમલો, માથું ફોડી બુટલેગર ફરાર




મહેસાણા તાલુકાના બાલિયાસણ ગામે દારૂના ધંધામાં પતિને મોકલવાની ના પાડતા ઉશ્કેરાયેલા બૂટલેગરે એક ગૃહિણી પર લાકડી વડે પ્રાણઘાતક હુમલો કર્યાની ઘટના સામે આવી છે.બાલિયાસણ માધવપુરા વાસમાં રહેતા ૨૬ વર્ષીય પપ્પીબેન અલ્પેશભાઈ ઠાકોરે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમના પતિ ગામમાં જ રહેતા ધમાજી દોલતસિંહ દરબારના ખેતરમાં દારૂ ગાળવાની ભઠ્ઠી પર જતા હતા. પતિ નિયમિત ઘરે ન આવતા હોવાથી પપ્પીબેન ખેતરે પહોંચ્યા હતા અને ધમાજી દરબારને તેમના પતિને આવી ગેરકાયદેસર પ્રવૃત્તિમાં ન બોલાવવા બાબતે ટકોર કરી હતી. આ બાબતે બંને વચ્ચે બોલાચાલી થઈ હતી, જેથી મહિલા ઘરે પરત ફરી ગયા હતા.

ત્યારબાદ ઉશ્કેરાયેલો ધમાજી દરબાર મહિલાના ઘરે પહોંચ્યો હતો અને પતિને કેમ ભઠ્ઠી પર નથી મોકલતી તેમ કહી ગાળો આપવા લાગ્યો હતો. મહિલાએ ગાળો બોલવાની ના પાડતા ધમાજીએ ઘરમાં પડેલી લાકડી વડે મહિલાના માથામાં અને પીઠના ભાગે સપાટા મારી દીધા હતા. હુમલાને કારણે મહિલા લોહીલુહાણ થઈ ઢળી પડ્યા હતા. બૂમાબૂમ થતાં મહિલાના જેઠ અને બહેન દોડી આવ્યા હતા, જેથી હુમલાખોર ધમાજી ત્યાંથી ફરાર થઈ ગયો હતો.ઈજાગ્રસ્ત મહિલાને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે મહેસાણા સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં માથાના ભાગે ટાંકા લેવા પડ્યા હતા. આ અંગે લાઘણજ પોલીસે ઈજાગ્રસ્ત મહિલાની ફરિયાદના આધારે ધમાજી દોલતસિંહ દરબાર સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ખેરાલુથી અંબાજીના માર્ગો જય અંબેના નાદથી ગૂંજ્યા

અંબાજીમાં હાલમાં ભાદરવી પૂનમના મહામેળાને પગલે ખેરાલુથી અંબાજી તરફ જતા સમગ્ર માર્ગો 'જય અંબે'ના નાદથી ગુંજી ઉઠ્યા છે. મા જગદંબાના દર્શનાર્થે મોટી સંખ્યામાં ઉમટી પડેલા પદયાત્રીઓથી માર્ગો પર ભક્તિનું ઘોડાપૂર જોવા મળી રહ્યું છે. પદયાત્રીઓને રસ્તામાં કોઈ મુશ્કેલી ન પડે તે માટે સમગ્ર રૂટ પર રાત-દિવસ વિવિધ સેવા કેમ્પો ધમધમી રહ્યા છે, જેના કારણે ખેરાલુથી અંબાજી સુધીનો સમગ્ર માર્ગ ભક્તિમય અને સેવામય બની ગયો છે.પદયાત્રીઓ-ભક્તો માટે ભોજનનું વિતરણ

આ વર્ષે પદયાત્રીઓની સેવા માટે માર્ગો પર અવનવા અને વિવિધતાસભર સેવા કેમ્પો ગોઠવવામાં આવ્યા છે. જેમાં ભક્તો માટે પીવાનું પાણી, ચા-નાસ્તો, ઠંડા પીણા, લિંબુ શરબત, ઢોસા, ખીચું, ઢોકળા, પોપકોર્ન, ચોકલેટ, તરબૂચ તેમજ ગરમા-ગરમ ભોજનનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. મા અંબાના ધામ તરફ આગળ વધી રહેલા પગપાળા શ્રદ્ધાળુઓ પણ આ કેમ્પોની ઉત્કૃષ્ટ સેવાઓનો હર્ષભેર લાભ લઈ રહ્યા છે.

વિસનગર-ખેરાલુ રોડ પર અમદાવાદના વસ્ત્રાલ સ્થિત 'અંબિકા યુવક મિત્ર મંડળ' દ્વારા છેલ્લા ૧૦ વર્ષથી તરબૂચ વિતરણનો વિશાળ સેવા કેમ્પ ચલાવવામાં આવી રહ્યો છે. આ કેમ્પના આયોજક વિપિન પટેલે માહિતી આપતા જણાવ્યું હતું કે, આ આયોજન મિત્ર મંડળના સહયોગથી કરવામાં આવે છે. દર વર્ષે કેમ્પ દરમિયાન રોજના ૫ થી ૬ ટન તરબૂચનું વિતરણ કરવામાં આવે છે. આ વર્ષે યાત્રિકોનો ઘસારો વધતા ૨ થી ૩ ટન તરબૂચનો ઉપાડ વધ્યો છે. આ કેમ્પ આઠમ-નવમથી શરૂ થઈને બારસ સુધી ચાલે છે, જેમાં આશરે ૨૨ થી ૨૪ ટન જેટલા તરબૂચ પદયાત્રીઓને પીરસવામાં આવે છે. આ સમગ્ર વ્યવસ્થાને પહોંચી વળવા માટે મિત્ર મંડળના ૨૫ જેટલા સભ્યોની ટીમ સતત સક્રિય રહીને સેવા આપી રહી છે.

તેમજ આ જ માર્ગ પર અમદાવાદના સુરેશસિંહ ચૌહાણ અને તેમની ટીમ દ્વારા પદયાત્રીઓ માટે મસાલેદાર ઠંડી છાશ અને ચવાણાના પેકેટનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. સુરેશ ચૌહાણે જણાવ્યું હતું કે, તેઓ છેલ્લા ૧૨ વર્ષથી ભાદરવી પૂનમના મેળામાં આ સેવા કેમ્પ યોજે છે. આ કેમ્પ દરમિયાન પદયાત્રીઓને કુલ ૭૫ હજાર ચવાણાના પેકેટ અને આશરે ૬ હજાર લીટર મસાલેદાર છાશનું વિતરણ કરવામાં આવે છે. દૈનિક ધોરણે ૨ હજાર થી ૨૫૦૦ લીટર છાશ શ્રદ્ધાળુઓને પીરસાય છે. આ સેવા કાર્ય માટે અમદાવાદથી ૫૦ જેટલા સ્વયંસેવકોનો સ્ટાફ સતત ખડેપગે સેવા આપી રહ્યો છે.

# અંબાજીમાં ભાદરવી મહામેળામાં ઈતિહાસ સર્જાયો:ચોથા દિવસે એક જ દિવસમાં ૧૧ લાખથી વધુ ભક્તોએ દર્શન કર્યાનો રેકોર્ડ બન્યો, સતત બીજા દિવસે ડ્રોન શો યોજાયો

અંબાજી ખાતે ભાદરવી મેળાના માહોલ વચ્ચે સતત બીજા દિવસે ભવ્ય ડ્રોન શો યોજાયો હતો. દર્શન પથ અને ચાચર ચોકમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત ભક્તોએ આકાશમાં રજૂ થયેલી 'જય માતાજી', 'જય અંબે' સહિતની વિવિધ દેવી-દેવતાઓની પ્રતિકૃતિઓ નિહાળી હતી. તો મેળાના ચોથા દિવસે આજે ૨૩ સપ્ટેમ્બરે એક જ દિવસમાં ૧૧ લાખથી વધુ ભક્તોએ દર્શન આ રેકોર્ડ થયો છે.

અંબાજી મંદિરમાં સતત બીજા દિવસે આયોજિત ડ્રોન શો ભક્તો માટે આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો. દર્શન પથ અને ચાચર ચોકમાં ઉપસ્થિત ભક્તોએ આકાશ તરફ નજર કરીને ડ્રોન દ્વારા રજૂ કરાયેલા વિવિધ દ્રશ્યો નિહાળ્યા હતા. આકાશમાં 'જય માતાજી', 'જય અંબે' તેમજ વિવિધ દેવી-દેવતાઓની પ્રતિકૃતિઓ રજૂ કરવામાં આવી હતી. આકાશીય અદ્ભુત અને અલૌકિક દ્રશ્યો જોઈ ભક્તો આનંદિત થયા હતા.

ડ્રોન શો દરમિયાન મંદિરના ચેરમેન, એસપી, ડીડીઓ અને વહીવટદાર સહિતના મહાનુભાવોએ પણ ઉપસ્થિત રહી આકાશી નજારો નિહાળ્યો હતો. ડ્રોન શોને લઈને ભક્તોમાં પણ ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. અંબાજીમાં ચાલી રહેલા ભાદરવી મેળાના કારણે સમગ્ર વિસ્તારમાં ઉત્સવ અને ધાર્મિક માહોલ છવાયેલો છે.

ભાદરવી મેળાના ચોથા દિવસે અંબાજી મંદિરમાં ૧૧,૪૨,૧૨૯ ભક્તોએ માતાજીના દર્શન કર્યા હતા. અંબાજીના ઈતિહાસમાં પ્રથમ વખત એક જ દિવસે ૧૧ લાખથી વધુ ભક્તોએ દર્શન કરતાં આ આંકડો રેકોર્ડ બન્યો છે. ચાર દિવસ દરમિયાન કુલ ૨૭,૨૭,૫૧૨ ભક્તોએ માતાજીના દર્શન કર્યા છે. અલગ-અલગ સ્થળોથી મોટી સંખ્યામાં ભક્તો અંબાજી પહોંચી રહ્યા છે અને મેળામાં ધાર્મિક ઉત્સાહ સાથે દર્શન કરી રહ્યા છે.મેળા દરમિયાન ચોથા દિવસે ૯,૮૨૭ યાત્રિકોએ ઉડનખટોલામાં મુસાફરી કરી હતી. જ્યારે બસ મારફતે ૫૮,૪૫૦ મુસાફરોએ મુસાફરી કરી હતી. બસોની કુલ ૧,૪૧૫ ટ્રીપો નોંધાઈ હતી. આ ઉપરાંત ૧,૨૧૪ ધજારોહણ કરવામાં આવ્યા હતા.મેળા દરમિયાન ચોથા દિવસે ૧,૫૫,૩૨૭ યાત્રિકોએ ભોજન પ્રસાદ લીધો હતો. જ્યારે ૯,૬૪,૧૭૪ મોહન પ્રસાદના પેકેટનું વિતરણ થયું હતું. આ ઉપરાંત ૯,૪૩૪ ચીકીનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું.






ચોથા દિવસે ભંડાર કાઉન્ટર પરથી રૂ.૩૨,૪૧,૫૬૯ની આવક નોંધાઈ હતી. જ્યારે ચાર દિવસની કુલ આવક રૂ.૧,૧૭,૨૮,૪૨૭ સુધી પહોંચી છે. મેળામાં મોટી સંખ્યામાં ભક્તોની હાજરીને કારણે અંબાજીના વિવિધ વિસ્તારોમાં સતત ચહલપહલ જોવા મળી રહી છે.

# જામનગર શહેરમાં સૌની યોજનાના પાણીથી પીવાના પાણીનું વિતરણ જળવાશે કમિશનરની હૈયાધારણા



જામનગરમાં અપૂરતા વરસાદને કારણે જળાશયોમાં ઓછી આવક થઈ છે. પીવાના પાણીની વ્યવસ્થા જાળવવા મ્યુનિસિપલ કમિશનર દીપેશ કેડિયાના માર્ગદર્શન હેઠળ મહાનગરપાલિકા સૌની યોજના હેઠળ દરરોજ ૧૦ થી ૧૨ એમસીએફટી પાણી ઠાલવી રહી છે. રણજીતસાગર સહિતના ડેમોમાં પાણીનો જથ્થો ઓછો હોવાથી, રંગમતી ડેમમાં પણ સૌની યોજનાનું પાણી ઠાલવાશે. કમિશનરે પાણીનો બગાડ ન કરવા અપીલ કરી છે.જામનગરમાં ચાલુ વર્ષે અપૂરતા વરસાદને કારણે જળાશયોમાં પાણીની આવક ઓછી થઈ છે. જેને પગલે પીવાના પાણીની વ્યવસ્થા જળવાઈ રહે તે માટે મહાનગરપાલિકા દ્વારા સૌની યોજના હેઠળ પાણી મેળવવામાં આવી રહ્યું છે. હાલમાં જામનગરના જળાશયોમાં દરરોજ આશરે ૧૦થી ૧૨ એમસીએફટી પાણી ઠાલવવામાં આવી રહ્યું છે.મ્યુનિ. કમિશનર દીપેશ કેડિયાએ જણાવ્યું હતું કે, શહેરમાં હાલ પાણીનું નિયમિત વિતરણ થઈ રહ્યું છે અને આગામી સમયમાં પણ વ્યવસ્થા જળવાઈ રહે તે માટે મહાનગરપાલિકા દ્વારા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. રંગમતિ ડેમમાં પણ સૌની યોજનાનું પાણી ઠાલવવાની કામગીરી હાથ ધરવામાં આવશે. આ સમગ્ર વ્યવસ્થામાં સરકારનો સંપૂર્ણ સહયોગ મળી રહ્યો હોવાનું તેમણે જણાવ્યું હતું.હાલ રણજીતસાગર ડેમમાં ૨૭.૨૭ ટકા, સસોઈ ડેમમાં ૬.૨૮ ટકા, ઊંડ-૧માં ૧૦.૭૮ ટકા અને આજી-૩માં ૫૯.૮૩ ટકા પાણીનો જથ્થો ઉપલબ્ધ હોવાનું જણાવાયું છે. દરમિયાન નગરજનોને પીવાના પાણીનો બગાડ નહી કરવા અને કરકસરપૂર્વક પાણીનો ઉપયોગ કરવા કમિશનરે અપીલ કરી છે.

# જામનગર શહેરને કચરામુક્ત બનાવવા મનપાની ઝુંબેશ ૨૨૫ કચરાપેટીઓ હટાવાઈ

જામનગર મહાનગરપાલિકાએ શહેરને કચરામુક્ત બનાવવા વિશેષ ઝુંબેશ હાથ ધરી છે. કમિશનર દીપેશ કેડિયાના નેતૃત્વમાં, ૨૨૫થી વધુ કચરાપેટીઓ હટાવી ડોર-ટુ-ડોર કચરા કલેક્શન પર ભાર મુકાયો છે. જાહેરમાં કચરો ફેંકનારાઓ સામે કાર્યવાહી થશે. દુકાનદારો અને હોટલ સંચાલકોને ગંદકી ન કરવા તથા કચરો યોગ્ય જગ્યાએ નાખવા કડક સૂચના અપાઈ છે જામનગર શહેરને કચરામુક્ત બનાવવા મહાનગરપાલિકા દ્વારા ખાસ ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. શહેરના મુખ્ય માર્ગો તથા વિવિધ વિસ્તારોમાંથી ૨૨૫ થી વધુ કચરાપેટીઓ હટાવી લેવામાં આવી છે, અને શહેરીજનોને કચરો મહાનગરપાલિકાના ગાર્બેજ કલેકશન વાહનમાં જ આપવા કમિશનર દીપેશ કેડિયાએ અનુરોધ કર્યો છે.ડોર ટુ ડોર કચરા સંકલનની વ્યવસ્થા હોવા છતાં જાહેરમાં કચરો ફેંકાતો હોવાથી મનપા દ્વારા ગાર્બેજ ફ્રી સિટી, ડસ્ટબીન ફ્રી તથા ખુલ્લા કચરાના સ્થળો (જીવીપી) બંધ કરવા કામગીરી હાથ ધરાઈ છે.

# કેનેડામાં નોકરી મોકલવાના નામે છેતરપિંડી:મહેસાણામાં કેન્સર પીડિતના પરિવાર સાથે ૪,૯૯ લાખની સાયબર ઠગાઈ, ૩ સામે ગુનો દાખલ

મહેસાણામાં કેનેડા નોકરીએ મોકલવાના બહાને એક પરિવાર સાથે ?૪.૯૯ લાખની સાયબર છેતરપિંડી આચરવામાં આવી હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. આ અંગે ભોગ બનનાર મહિલાએ મહેસાણા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ત્રણ શખ્સો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મૂળ મેરઠ (ઉત્તર પ્રદેશ)ના વતની અને હાલ મહેસાણાના રાધનપુર રોડ પર આવેલા મધુરમ હોમ્સમાં રહેતા અને આનંદનિકેતન સ્કૂલમાં નોકરી કરતા સીમાબેન યાદવના પતિ અજીતસિંહ ચોથા સ્ટેજના કેન્સરથી પીડાય છે. આશરે આઠ વર્ષ પહેલાં તેમની ઓળખાણ રાજુભાઈ મણીલાલ પંચાલ (રહે. સિદ્ધપુર) સાથે થઈ હતી. નવેમ્બર-૨૦૨૩માં અજીતસિંહને કેનેડા નોકરી કરવા




જવું હોવાથી રાજુભાઈ પંચાલ અને તેમના સગા સચિનભાઈ હસમુખભાઈ પંચાલ (રહે. કહોડા) સીમાબેનના ઘરે આવ્યા હતા. તેમણે કેનેડા જવા માટે બેંક ખાતામાં ઓછામાં ઓછા ૪ લાખ રૂપિયા હોવા જરૂરી હોવાનું જણાવી પાસપોર્ટ અને બેંકની પ્રક્રિયા શરૂ કરી હતી.

આ માટે સચિન પંચાલના કહેવાથી ડિસેમ્બર-૨૦૨૩માં અજીતસિંહના નામે એક નવું જીઓ સીમકાર્ડ મેળવી ઊંઝાની એક્સિસ બેંકમાં ખાતું ખોલાવાયું હતું. જેમાં સચિન પંચાલે સીક્યુરિટી પેટે બેંકનું એટીએમ કાર્ડ, કસ્ટમર આઈડી અને સીમકાર્ડ પોતાની પાસે રાખ્યા હતા. ત્યારબાદ જાન્યુઆરી-૨૦૨૪માં સચિન પંચાલે મહેસાણા સ્થિત એક્સિસ બેંકમાં સીમાબેન અને તેમના પતિનું એક જોઈન્ટ ખાતું ખોલાવ્યું હતું. ૨૪ અને ૨૫ જાન્યુઆરીના રોજ સીમાબેને મહેસાણાના જોઈન્ટ ખાતામાં કુલ રૂ. ૪,૯૯,૫૯૦ જમા કરાવ્યા હતા.

દરમિયાન ૨૬ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ સાંજે સીમાબેન પરિવાર સાથે ડી-માર્ટમાં શોપિંગ કરવા ગયા હતા, ત્યારે તેમના પતિના મોબાઈલ પર મેસેજ આવ્યો હતો કે તેમના મહેસાણા એક્સિસ બેંકના જોઈન્ટ ખાતામાંથી ?૪,૯૯,૯૫૬.૮૦ કપાઈ ગયા છે. આથી તેમણે તાત્કાલિક ૧૯૩૦ પર સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી એટીએમ બ્લોક કરાવ્યું હતું.

બેંકમાં તપાસ કરતા સામે આવ્યું કે, ઊંઝા એક્સિસ બેંકના કસ્ટમર આઈડીનો ઉપયોગ કરી, મહેસાણા બેંક ખાતામાં નોંધાયેલો મોબાઈલ નંબર બદલી નાખી નવો નંબર અપડેટ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ નેટ બેંકિંગ શરૂ કરીને તમામ રકમ પટેલ પિયુષકુમાર મહેશભાઈ (રહે. રબડી, જી. વલસાડ) ના ૐહ્વક્ષ બેંક ખાતામાં ટ્રાન્સફર કરી દેવાઈ હતી.

આ અંગે સચિન પંચાલને પૂછતાં તેણે સીમકાર્ડ અને એટીએમ કાર્ડ ખોવાઈ ગયાનું બહાનું બતાવ્યું હતું. સાયબર ક્રાઈમની તપાસ દરમિયાન પિયુષકુમારના ખાતામાંથી રૂ. ૧,૭૪,૦૯૨ હોલ્ડ થતા, પીડિત પરિવારે કોર્ટ મારફતે આ રકમ પરત મેળવી લીધી હતી. જોકે, બાકીના રૂ. ૩,૨૫,૮૬૪.૮૦ હજુ સુધી પરત મળ્યા નથી.વિશ્વાસમાં લઈ એટીએમ, કસ્ટમર આઈડી મેળવી છેતરપિંડી આચરવા બદલ સીમાબેને રાજુભાઈ મણીલાલ પંચાલ, સચિનભાઈ હસમુખભાઈ પંચાલ અને પટેલ પિયુષકુમાર મહેશભાઈ સામે મહેસાણા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.




## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS No:- 195**
વિષય:- ભાદરવી પૂનમની ચાંદની અને ભક્તિભાવ
શીર્ષક:- ભાદરવી ભક્તિ
પ્રકાર:પદ્ય શબ્દો:- ૭૭

ભાદરવી ભીનાશ લૈ મા અંબા જોડે અટકશું,
આ  દુષ્ટ દુર્ગુણોમાં અમૃત ક્યાં સુધી ભટકશું.

પૂનમનો  લઈ  પ્રેમ મનથી  મયંકમાં મલકશું,
ચિંતા છોડી દઈ ચાંદનીમાં ચારેકોર ચળકશું.

ભીતરમાં  ભક્તિ રસનો  ભાવ - પ્રેમ ભરશું,
નામજાપ જગદંબાના લૈ જગમાં જગમગશું.

મોજ કરશું ખોજ કરશું  ખ્વાબમાં ખટકશું,
પ્રેમ કરી પાવન પૃથ્વીને પછી પાપને પટકશું.

અરજ મા અંબાને કરશું અહમથી અટકશું,
દંભને દેખાડા  દૂર  કરીને સ્વાર્થથી  છટકશું.

નમન કરશું નારાયણી ને, નત મસ્તક નમશું,
ભાદ્રપદનો ભાવ લઈને ભક્તિરસમાં ભમશું.

અમૃત શ્રીમાળી (મહેસાણા)
★★★★★★★

**NOG SS NO:364**
વિષય ભાદરવી પૂનમની ચાંદની અને ભક્તિભાવ
શીર્ષક....મૈયા
પ્રકાર.પદ્ય શબ્દો ૧૪૦
હે મૈયા, તમે વિધવિધ રૂપે અવનીએ અવતર્યા રે,
બાળુડાંઓની રક્ષા કરવા ત્રિશૂલ ધરીને પધારિયાં રે.

કદીક સિંહવાહિની રૂપે તો કદીક હંસવાહિની રૂપે માતે,
રાક્ષસો,અસુરોના સંહાર કાજે આવ્યાં રૌદ્ર રૂપે માતે,
વ્હાલા ભક્તોના મનોરથો પૂર્ણ કરવા માટે પ્રગટ્યાં રે.

હે માતૃકા, તમારી મમતાનું મૂલ્ય કદીયે ના ભૂલાય રે,
હાજર થાઓ છો જ્યાં પ્રેમથી તમારું નામ લેવાય રે,
નહીં માગવા છતાંય તમે ભૂલકાંઓને વરદાન આપ્યાં રે.

અખિલ બ્રહ્માંડમાં હે જનની, તમારું સામ્રાજ્ય છવાયું રે,
પાપીઓનાં પાપ દૂર કરી ગોદમાં લીધા, ના કોઈ જ પરાયું રે,
મા પોતાના ભક્તોનાં દુઃખો હરવાને ચૌદ બ્રહ્માંડમાં ભમ્યાં રે.
મનસુખ મકવાણા.
★★★★★★★

**NOG SS NO. 215**
વિષય :- "ભાદરવી પૂનમની ચાંદની અને ભક્તિભાવ"
શીર્ષક :- 'નારાયણીને નમન "
પ્રકાર :- પદ્ય (અછાંદસ)
શબ્દ :- ૮૦.

મારા અંબાને વાટ આવી ભાદરવી પૂનમ,
જગમગ જગમાટ લાવી, ભાદરવી પૂનમ.

આબુ પર્વત અરવલ્લી મા અંબા બિરાજે,
મંદિરનાં શીખરે માની રૂપાળી ધજા સાજે,

પૂર્ણ ચાંદની રાત સજાવી ભાદરવી પૂનમ,
જગમગ જગમાટ લાવી, ભાદરવી પૂનમ.

પગપાળાની ભક્તોની, માનતાઓ થાતી,
ઉઘાડા પગે રસ્તે માની ગરબીઓ ગવાતી,

આવી અંધકાર ભગાવી, ભાદરવી પૂનમ,
જગમગ જગમાટ લાવી, ભાદરવી પૂનમ.

નારાયણીને ભાવથી, નમન ભક્તો કરતા,
શ્રીફળ, પ્રસાદી ને ઉપહાર માડીને ધરતા,

કૃપા પામો શીશ જુકાવી, ભાદરવી પૂનમ,
જગમગ જગમાટ લાવી, ભાદરવી પૂનમ.

શ્યામ ગોયાણી 'શ્યામ'
શિવેન્દ્રનગર (હાલ સૂરત)
★★★★★★★

**NOG. SS No: 194**
વિષય : ભાદરવી પૂનમની ભક્તિ
શીર્ષક :  મળે ભાદરવી પૂનમના દર્શનનો લ્હાવો
પ્રકાર :પદ્ય, શબ્દ : ૭૨

"?ગગને આજ ખીલ્યો પૂનમનો ચાંદ મઝાનો,
અંબાજીના ધામમાં છવાયો ભક્તિનો રંગ પ્રજાનો.

?રૂપેરી કિરણોની ચાંદનીમા ભક્તિનો મેરામણ છલકાયો,
ભક્તોની ભીડમાં  શ્રદ્ધાનો નાદ સર્વત્ર અનુભવાયો.

?પગપાળા આવતા સંઘોથી મેદનીમા થતો વધારો,
માતૃચરણોમાં ઝૂકીને માઅંબાનો ગગનભેદીનાદે  થતો જયકારો.

?જયઅંબેના સાદથી ચેહક્તો ભક્તિનો હેલ્લારો,
ભક્તોમાં ઉભરાતી આસ્થાનો દેખાતો અપ્રીતમ નઝારો.

?શીતળ ચાંદની જેવો માતાનો હેત અનુભવાતો,
મા અંબેને સન્મુખવાનો આવતો જયારે વારો.

શ્રીફળ, શણગાર અર્પણતા ભક્તિરસનો મહિમા દેખાતો,
ખ્વાઈશ 'ખ્યાતિ'ની કે..ભાદરવીપૂનમના દર્શનનો મળે લ્હાવો."

નામ : ખ્યાતિ જીગર દેસાઈ. અમદાવાદ.
★★★★★★★

**NOG SS No. 102.**
વિષય:- ભાદરવી પૂનમની ચાંદની અને ભક્તિભાવ.
પ્રકાર:- ગદ્ય. શબ્દ:-૩૧૫.

તારીખ ૨૬/૯/૨૦૨૬, શનિવારે  રોજ  રાજેશ્વરી આરાસુરા મા  અંબાજીનો પાટોત્સવ આવે છે. અરવલ્લીની પર્વતમાળામાં બિરાજતા માતા અંબાજી શકિતપીઠનું આ મંદિર છે અને અહીં માતાજીનું હૃદય આવેલું છે.

માતાજીની સ્થાપના શ્રી યંત્ર ઉપર કરવામાં આવી છે.  તેના જુદા જુદા અનેક સ્વરૂપે શણગારી અને પૂજવામાં આવે છે. ભાદરવા સુદ પૂનમને દિવસે માતાજીનો પ્રાગટ્ય મહોત્સવ હોવાને કારણે ગુજરાત ,રાજસ્થાન તેમજ  જુદા જુદા રાજ્યમાંથી અનેક લોકો પગપાળા યાત્રા કરી અને પૂનમનો દિવસે અંબાજી પહોંચે છે. લાખો માણસો અંબાજીમાં આવે  છે. ઘણા બધા લોકો માતાજીને ધજા, ચુંદડી , અલંકારો,સાડી, નાળિયેર અને પ્રસાદ ચડાવે છે. માતાજીના રાસ ગરબા, ભજન વિગેરેની રમઝટ બોલતી હોય છે, લોકો નૃત્ય કરે છે, માતાજીના ગુણગાન ગાય છે. માતાજીના દર્શન કરી અને પોતે આશિષ પ્રાપ્ત કરી અને અહોભાવ વ્યક્ત કરે છે. ઘણા માણસો ભાદરવા પૂનમનું વ્રત રાખી અને દર પુનમે પગપાળા યાત્રા કરે છે.

ભાદરવી પૂનમના દિવસે આખું અંબાજી જુદી જુદી લાઈટો અને અનેક રીતે મંદિર તેમજ બજારોને શણગારવામાં આવે છે. માનવ મેદની ચારે તરફ જોવા મળે છે. ચારે બાજુ મેળાનું વાતાવરણ હોય છે. બાળકો માટે અનેક પ્રકારના મેળામાં મનોરંજનના સાધનો હોય છે. મેળામાંથી લોકો ખરીદી કરે છે. લોકો ગબ્બરમાં ઉડન ખટોલા માં બેસી માતાજીના દર્શન કરવા પણ જાય છે અને આમ આનંદ માણે છે.

ભાદરવી પૂનમને દિવસે નિર્મળ આકાશમાં ચંદ્ર ખૂબ જ ચમકતો જોવા મળે છે અને તેની ચાંદની શીતળતાનો લોકો અનુભવ કરે છે.

માતાજી સાક્ષાત છે, મનોકામના પૂર્ણ કરે છે. ઈચ્છા હોય તે માતા સમક્ષ રજૂ કરતા ભક્તોની મનોકામના માતા પૂર્ણ કરે છે અને માટે જ લાખો લોકો દર વખતે  દર્શન કરવા આવે છે. આમ ભાદરવી પૂનમ તેની રાતની ચાંદની અને લોકોનો ભક્તિભાવ ભરેલો માહોલ  અંબાજીમાં જોવા મળે છે. ચાલો આપણે પણ માતાજીના દર્શન કરી અને આશીર્વાદ મેળવીએ. જય અંબે મા.
રતીલાલ વાયડા (રોડપાલી, નવી મુંબઈ.)
★★★★★★★

**NOG SS No 387**
વિષય: ભાદરવી પૂનમની ચાંદની અને ભક્તિભાવ
શીર્ષક:"આજ ગગનથી ચંદન ઢોળાય રે..."
પ્રકાર:ગદ્ય,શબ્દો:૨૬૦

ભાદરવી પૂનમે ગગનથી અવની પર ઢોળાતા ચંદનની સાથે - માનવજીવનની ભીતરમાં ખીલતા પ્રકાશનો ઉત્સવ છે.વેદમા કહ્યું કે "ચંદ્રમા મનસો જાત".ચંદ્ર એટલે મન અને અમાસ એટલે અંધારું.મન વાસના, અહંકાર જેવા અનેક રિપુઓથી ઘેરાયેલું છે.પૂનમ એટલે પૂર્ણ મન અને પ્રકાશિત પણ.ભાદરવી પૂનમ એ મનની અમાસ માંથી પૂનમ તરફની યાત્રા છે.પૂનમની ચાંદની શીતળ છે, કરુણાની ચાંદની છે.ભાદરવી પૂનમે જ્યારે આકાશનો ચંદ્ર સોળે કળાએ ખીલેલો હોય ત્યારે આપણી ભીતરનો મનરુપી ચંદ્ર પણ ભક્તિ અને શ્રદ્ધાથી પૂર્ણ હોય તેવા સમયે જીવ શિવના ભેદ ભૂંસાઈ જાય છે.ગગનની ચાંદની રસ્તો બતાવે છે ત્યારે મનની ચાંદની મુકામે પહોંચાડે છે.આ આધ્યાત્મિક ચાંદની એ મા અંબાનો પ્રાગટ્ય દિવસ પણ છે.

ભાદરવી પૂનમ એટલે  આસ્થા, વિશ્વાસ અને ભક્તિનો  અનન્ય ત્રિવેણી સંગમ.વળી અનમોલ વારસાનું જતન પણ!.

માઈભક્તો આરાસુરમાં પગપાળા સંઘ સાથે ભજન, કિર્તન, સ્તુતિઓ ગાતાં ધજા લઈને આસો માસમાં  પોતાના ઘરે મા ને રુબરુ ભાવભીનું આમંત્રણ આપવા જાય છે.
"બોલ માડી અંબે જય અંબે."
આ દરમિયાન વિવિધ સેવા સંસ્થા ઓ દ્વારા માઈભક્તો માટે ચા-નાસ્તો,ભોજન, મેડિકલ સુવિધાઓને વગેરે ની કામગીરી માટે એક્શન પ્લાન બનાવી ખડેપગે રેડી હોય છે.જેનાથી ભક્તિ નું ઘોડાપૂર ઉમટે છે અને મા ના ચરણોમાં મસ્તક મૂકી આશિષ મેળવી ધન્યતા અનુભવે છે

૫૧ શક્તિ પીઠોમાથી આરાસુરી અંબાજી નું પ્રથમ સ્થાન છે.ત્યા મા નું હૃદય છે . તેવું કહેવાય છે.ગબરના ગોખે બિરાજેલ મા અંબાના દર્શને દેશવિદેશથી ભાવિકો  દર્શનનો લ્હાવો  લઈ આનંદ અનુભવે છે.
"આજ ગગનથી ચંદન ઢોળાય રે...
સૈયર ,મને આસોના ભણકારા થાય..
કોઈ આવતું ક્ષિતિજથી દેખાય રે..
આછા આછા ચાંદનીના ચમકારા થાય"
" જગતજનની મા સૌનું કલ્યાણ કરજો "
સૌને મારા જય અંબે
પુનિતા બેન -અમદાવાદ

# આસ્થા,ભક્તિ અને શક્તિ સાથે સ્કાઉટની હમારા કર્મ હો  સેવાનો સમન્વય



સાબરકાંઠા જિલ્લા સ્કાઉટ ગાઇડ સંઘ દ્વારા એક દિવસીય સેવા કેમ્પનું આયોજન ખેડબ્રહ્મા તાલુકાના દાણ મહુડી ખાતે જય અંબે પદયાત્રી સેવા કેમ્પમાં કરવામાં આવ્યું હતું. જીલ્લા સ્કાઉટ ચીફ કમિશ્નર શ્રી અતુલ દિક્ષિત ના માર્ગદર્શન નીચે પોશીના તાલુકાની શ્રી દેમતી મેરા, વિરાફળો ,ચોલિયાના પિસ્તાળીસ જેટલા સ્કાઉટ ગાઇડ દ્વારા કેમ્પમાં પ્રસાદી વિતરણમાં જોડાયા હતા. સાથે જિલ્લા પંચાયત મેડિકલ કેમ્પમાં પદયાત્રીઓની માલિશ તેમજ દવા વિતરણમાં સહયોગ આપ્યો હતો. સ્કાઉટ પર્યાવરણ પ્રેમી સાથે સ્વછતા નો આગ્રહી હોવાથી વિશાળ કેમ્પનું પરિસર તેમજ રોડ રસ્તા ઉપર પડેલ કચરાનું નિકાલ કરી સેવાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. બાળકોમાં બાળપણથી સેવા જેવા ઉમદા ગુણોનું નિર્માણ થાય તે અતિ આવશ્યક છે.નાના બાળકોની સેવાને પદયાત્રી દ્વારા સરાહના કરવામાં આવી હતી. સેવાના આ વિશિષ્ટ કાર્યક્રમમાં કબ કમિશ્નર અને સ્કાઉટ માસ્ટર અતુલ ડામોર, ગાઇડ તાલીમ કમિશ્નર વૈશાલીબેન પટેલ,રેન્જર કમિશનર સોનલબેન ડામોર,જિલ્લામંત્રી મહેન્દ્રભાઈ કટારા, સ્કાઉટમાસ્ટરબિરબલભાઈ રાઠોડ, વિનોદભાઈ પ્રજાપતિ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. તેમજ કેમ્પ ઉપર ઉપસ્થિત રહેલ ભાજપના આગેવાન એવા અરવિંદભાઈ રાવલ અને સ્કાઉટ ના જુના સભ્ય રહી ચૂકેલા હર્ષદભાઈ પટેલે પ્રવૃત્તિ કરતા બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા અને તેમની કામગીરીની પ્રશંસા કરી હતી.

# કોર કમિટી દ્વારા સમર્પિત કાર્યકરોના અથાક પરિશ્રમને બિરદાવી નવનિયુક્ત હોદ્દેદારોની વરણી કરાઈ

સમગ્ર ગુજરાત નાગર પરિષદ મહામંડળ દ્વારા નિષ્ઠાવાન સભ્યોનું ગૌરવવંતું બહુમાનઃ સંગઠનને વધુ વેગવંતું અને મજબૂત બનાવવા નવી મહત્વની જવાબદારીઓ તથા હોદ્દાઓની સત્તાવાર ઘોષણા

સમગ્ર નાગર સમાજની ગૌરવવંતી અને અગ્રણી માતૃસંસ્થા 'સમગ્ર ગુજરાત નાગર પરિષદ મહામંડળ' ની સંગઠનાત્મક પ્રવૃત્તિઓને વધુ સક્રિય, સુદ્રઢ, પારદર્શક અને કાર્યક્ષમ બનાવવાના શુભ આશય સાથે સંસ્થાની 'કોર કમિટી' દ્વારા એક અત્યંત મહત્વપૂર્ણ અને સરાહનીય નિર્ણય લેવામાં આવ્યો છે. સંસ્થાના ઉત્કર્ષ માટે અથાક પરિશ્રમ, ખંત, નિષ્ઠા અને ઉચ્ચ સમર્પણ ભાવથી સેવાઓ આપતા ઉત્સાહી કાર્યકરોની અજોડ પ્રતિભા તથા શ્રેષ્ઠ કામગીરીને સન્માનિત કરી, તેઓને વધુ જવાબદારી સાથે નવનિયુક્ત મહત્વના હોદ્દાઓ સુપ્રત કરવામાં આવ્યા છે.

?સંસ્થાના ઉચ્ચ આદર્શો અને સમાજઉપયોગી ઉદ્દેશ્યોને જન-જન સુધી પહોંચાડવા તથા નાગર સમાજના એકતાના તાંતણાને સમગ્ર ગુજરાતમાં વધુ વ્યાપક અને સંગઠિત બનાવવા માટે કોર કમિટી દ્વારા સર્વાનુમતે નીચે દર્શાવેલ નિષ્ઠાવાન સભ્યોની નવી જવાબદારીઓ સાથે વરણી કરવામાં આવી છેઃ



?શ્રી તરંગ હાથી – ઉપ પ્રમુખ
?શ્રી પ્રીતેશ ભટ્ટ – ખજાનચી ટીમ (ઓડિટર)
?શ્રી મુકેશભાઈ વૈદ્ય – ખજાનચી ટીમ (એકાઉન્ટ)
?શ્રી નિમિત બક્ષી – જોઈન્ટ સેક્રેટરી
?શ્રી વત્સલ વોરા – જોઈન્ટ સેક્રેટરી
?શ્રી નિશીથ ધોળકિયા – ખજાનચી ટીમ (બેન્કિંગ)
?ડો. કેતન ધોળકિયા – સંગઠન મંત્રી (જામનગર)
?શ્રી પિનાકીન વૈષ્ણવ – સંગઠન મંત્રી (અંજાર)

?કોર કમિટી અને વરિષ્ઠ હોદ્દેદારોનો શુભેચ્છા સન્દેશઃ
આ ગૌરવવંતા પ્રસંગે પરિષદના વરિષ્ઠ માર્ગદર્શકો અને કોર કમિટીના સર્વે સભ્યોએ તમામ નવનિયુક્ત હોદ્દેદારોને હૃદયપૂર્વક અભિનંદન, શુભેચ્છાઓ અને આશીર્વાદ પાઠવ્યા હતા. કમિટી દ્વારા દ્રઢ વિશ્વાસ વ્યક્ત કરવામાં આવ્યો હતો કે, આ તમામ અનુભવી અને નિષ્ઠાવાન સભ્યો પોતાની નવી જવાબદારીઓને પૂરતી કર્તવ્યનિષ્ઠાથી નિભાવશે. તેઓ સંસ્થાના નાણાકીય, વહીવટી અને સંગઠનાત્મક માળખાને વધુ સુદ્રઢ બનાવશે અને સમગ્ર ગુજરાતમાં પરિષદના કાર્યક્ષેત્રને સફળતાના નૂતન શિખરો પર પહોંચાડશે.

?સર્વે કર્મનિષ્ઠ સભ્યોની આ મહત્વપૂર્ણ નિમણૂક બદલ સમગ્ર નાગર સમાજ, પરિષદના સભ્યો તથા સ્નેહીજનોમાં હર્ષ, ઉત્સાહ અને આનંદની વ્યાપક લાગણી વ્યાપી ગઈ છે.

?— સમગ્ર ગુજરાત નાગર પરિષદ મહામંડળ (કોર કમિટી) વતી

# પ્રેમ કોઈનો મોહતાજ હોતો નથીઃ એ પ્રેમ, એક પ્રેમ છે!(સંત સુરા)

પ્રેમને કોઈ બંધન, છેવાડા કે, સીમાડા નડતા હોતા નથી તેથી પ્રેમ કોઈનો  મોહતાજ હોતો નથી. તેને કોઈની પરવાનગીની જરૂર નથી. તેને ઉંમરના કોઈ બંધન નડતા નથી.

આ દુનિયા પ્રેમને નિયમમાં બાંધવા માંગે છે. આ ઉંમરે પ્રેમ થાય, આ ઉંમરે ન થાય. આ જાતિમાં થાય, આ ધર્મમાં ન થાય. આટલા પૈસા હોય તો જ પ્રેમ થાય. દુનિયા પ્રેમને બજારની ચીજ સમજે છે. પણ પ્રેમ બજારની ચીજ નથી. પ્રેમ તો હવા જેવો છે. તે ક્યાંથી આવે છે, ક્યારે આવે છે, કોઈને ખબર નથી પડતી.

પ્રેમને ઉંમરના નિયમો નડતા નથી. પ્રેમ ૧૬ વર્ષે પણ થાય છે અને ૬૦ વર્ષે પણ થાય છે. ૧૬ વર્ષનો પ્રેમ આંખોમાં હોય છે, ૬૦ વર્ષનો પ્રેમ આત્મામાં હોય છે. દુનિયા ૬૦ વર્ષના પ્રેમની મજાક ઉડાવે છે. કહે છે, ઘડપણમાં તે વળી શું પ્રેમ? પણ તે લોકોને ખબર નથી કે ઘડપણનો પ્રેમ જ સૌથી સાચો પ્રેમ છે, શ્રેષ્ઠ પ્રેમ છે, પ્રેમની ચરમસીમા અને પરાકાષ્ઠા છે. કારણ કે ત્યાં વાસના નથી હોતી, ત્યાં ફક્ત સાથની ભૂખ હોય છે. એકબીજાનો હાથ પકડીને બેસી રહેવાની ઈચ્છા હોય છે.

પ્રેમમાં હંમેશા વહેમ, શંકા, શ્રદ્ધા અને ખેંચતાણ હોય છે. આ જ પ્રેમની સૌથી મોટી નિશાની છે. જે પ્રેમમાં વહેમ કે ખેંચતાણ નથી, તે પ્રેમ જ નથી. કારણ કે જ્યાં પ્રેમ હોય, ત્યાં તેને ગુમાવી દેવાનો ડર હોય છે. તે રિસાઈ જશે તો? તે મને ભૂલી જશે તો? આ વહેમ અને ખેંચતાણ જ પ્રેમને જીવંત રાખે છે. જેને તમારી પડી જ નથી હોતી, તેને તમારા માટે કોઈ વહેમ પણ નથી હોતો. એટલે જો તમારા પ્રેમમાં વહેમ આવતી હોય તો ગભરાશો નહીં, તે સાબિત કરે છે કે તમે હજુ પણ સાચા પ્રેમમાં છો.

ખેર, દાંત પડી ગયા હોય, ચહેરા પર કરચલીઓ આવી ગઈ હોય, અને વાળની લટોમાં સફેદી આવી ગઈ હોય તો પણ... તો પણ શું?
તો પણ પ્રેમ પ્રેમ જ રહે છે. શરીર ઘરડું થાય છે, પ્રેમ ક્યારેય ઘરડો થતો નથી. તમે અરીસામાં તમારો ચહેરો જોશો તો તમને તમારી ઉંમર દેખાશે. પણ જ્યારે તમે પ્રેમની આંખોમાં જોશો, ત્યારે તમે હંમેશા ૧૬ વર્ષના જ દેખાશો. પ્રેમની આંખ ક્યારેય કરચલી જોતી નથી, તે ફક્ત દિલ જુએ છે.
આજકાલ લોકો પ્રેમને શરીર સાથે જોડી દે છે. ગોરો ચહેરો, કાળા વાળ, સારી હાઈટ, સારી બોડી. આ પ્રેમ નથી, આ આકર્ષણ છે. આકર્ષણ સમાપ્ત થઈ જાય છે. દાંત પડ્યા પછી, વાળ સફેદ થયા પછી આકર્ષણ ખતમ થઈ જાય છે. પણ પ્રેમ? પ્રેમ તો ત્યારે શરૂ થાય છે. જ્યારે તમે એકબીજાની કરચલીમાં પણ સુંદરતા જોવા લાગો, જ્યારે તમે તેના સફેદ વાળમાં પણ તમારું આખું જીવન જોવા લાગો, ત્યારે સમજવું કે આ પ્રેમ છે.

એ પ્રેમ, એક પ્રેમ છે. જે કોઈનો મોહતાજ નથી. જેને કોઈ કારણ જોઈતું નથી. તે બસ છે, એટલે છે. તે હવા જેવો છે, તે શ્વાસ જેવો છે. તેને સાબિત કરવાની જરૂર નથી, તેને દેખાડવાની જરૂર નથી. તે બસ અનુભવવાનો છે.

એટલે પ્રેમ કરતા ક્યારેય ડરશો નહીં. ઉંમરનો ડર, સમાજનો ડર, દાંત પડી જવાનો કે વાળ સફેદ થવાનો ડર છોડી દો. પ્રેમ કરો. કારણ કે અંતે જ્યારે બધું જ છૂટી જશે, ત્યારે એક પ્રેમ જ તમારી સાથે રહેશે. અંતે પ્રેમની પરિભાષા અને અભિવ્યક્તિમાં તપ, ત્યાગ, બલિદાન અને સમર્પણની ભાવના તથા અનુભૂતિનો જ સમાવેશ થાય છે!
લેખકઃ સુનીલ રાજેન્દ્ર બર્મન (સંત સુરા)સુરત

# સેવા મારું યોગદાન'" અંતર્ગત આઈ.ટી.આઈ. મોડાસામાં વ્યસનમુક્તિ જાગૃતિ કાર્યક્રમ યોજાય



વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના જાહેર જીવનના ૨૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે રાજ્યભરમાં ચાલી રહેલા 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત 'સેવા મારું યોગદાન' કાર્યક્રમ હેઠળ આજે આઈ.ટી.આઈ. મોડાસા ખાતે ગાયત્રી પરિવાર, મોડાસાના સહયોગથી વ્યસનમુક્તિ જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમનો મુખ્ય હેતુ યુવાનો અને તાલીમાર્થીઓમાં વ્યસનના દુષ્પરિણામો અંગે જાગૃતિ લાવી સ્વસ્થ અને સકારાત્મક જીવનશૈલી પ્રત્યે પ્રેરિત કરવાનો હતો.

કાર્યક્રમ દરમિયાન તાલીમાર્થીઓને તમાકુ, ગુટખા, બીડી-સિગારેટ તેમજ અન્ય વિવિધ પ્રકારના વ્યસનોથી થતા શારીરિક, માનસિક, આર્થિક અને સામાજિક નુકસાન અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. સાથે જ વ્યસનના કારણે વ્યક્તિ તેમજ તેના પરિવારના જીવન પર પડતી પ્રતિકૂળ અસરો અંગે માર્ગદર્શન આપી વ્યસનમુક્ત જીવન અપનાવવાનો સંદેશ આપવામાં આવ્યો હતો.

આ પ્રસંગે વ્યસનથી થતા નુકસાનને દર્શાવતું જાગૃતિ પ્રદર્શન પણ યોજાયું હતું. પ્રદર્શનમાં વ્યસનના કારણે શરીરના વિવિધ અંગો પર થતી ગંભીર અસરોને દૃશ્ય સ્વરૂપે રજૂ કરવામાં આવી હતી, જેના કારણે તાલીમાર્થીઓમાં વ્યસન પ્રત્યે જાગૃતિ અને સાવચેતીનો સંદેશ વધુ અસરકારક રીતે પહોંચ્યો હતો. કાર્યક્રમમાં ઉપસ્થિત તાલીમાર્થીઓએ વ્યસનથી દૂર રહેવાનો તેમજ પોતાના મિત્રો, પરિવારજનો અને સમાજના અન્ય લોકોને પણ વ્યસનમુક્તિ તરફ પ્રેરિત કરવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. યુવાનોમાં સ્વસ્થ જીવનશૈલી અને સામાજિક જવાબદારીની ભાવના વિકસે તે માટે આવા જનજાગૃતિ કાર્યક્રમો મહત્વપૂર્ણ સાબિત થઈ રહ્યા છે.

ગાયત્રી પરિવાર, મોડાસા દ્વારા સમાજમાં વ્યસનમુક્તિ અંગે જનજાગૃતિ ફેલાવવા તેમજ સ્વસ્થ, સંસ્કારી અને જવાબદાર સમાજના નિર્માણ માટે સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે

## ભવન્સ કોલેજ,ડાકોરમાં ભૂતપૂર્વ કા.આચાર્ય ડૉ.ટી.આર.ત્રિવેદીનો 'સેવા નિવૃત્ત વિદાયમાન સમારંભ' યોજાયો

ભારતીય વિદ્યાભવન ડાકોર કેન્દ્ર દ્વારા સંચાલિત ભવન્સ શ્રી ઈશ્વરલાલ એલ.પી આર્ટસ સાયન્સ એન્ડ જે. શાહ કોમર્સ કોમર્સ કોલેજ,ડાકોરમાં ભૂતપૂર્વ કા.આચાર્ય ડૉ.ટી.આર.ત્રિવેદીનો 'સેવા નિવૃત્ત વિદાયમાન સમારંભ' યોજાયો.જેમાં ભારતીય વિદ્યાભવન ડાકોર કેન્દ્રના માનદમંત્રી શ્રીમતી નિકિતાબેન ગાંધી અને તેમની સાથે પધારેલ તુષારભાઈ ગાંધી,સંચાલક મંડળના સભ્ય ઋષિકેશભાઈ શાહ, દુષ્યંતભાઇ લાયજાદાએ ઉપસ્થિત રહીને ડૉ.ટી.આર.ત્રિવેદીનું શાલ,શ્રીફળ,સાકર અને પુષ્પગુચ્છથી સન્માન કરી,તેમના કાર્યોને બિરદાવી ,શુભેચ્છાઓ પાઠવી હતી.સંસ્થાના કા.આચાર્ય ડૉ.સહજભાઈ ગાંધી, ઉપાચાર્ય ડૉ.એ.કે.ચૌધરીએ ડૉ. ટી.આર.ત્રિવેદીનું શાલ અને પુષ્પગુચ્છથી સન્માન કરી, એમની સાથેના સંસ્મરણો યાદ કરી ,એમની કર્મનિષ્ઠ સેવાઓને બિરદાવી હતી પી.જી.ઇન્ચાર્જ ડૉ.વિરલભાઈ પટેલ,આઈ.ક્યુ.એ.સી સંયોજક ડૉ.ઈશિતાબેન પટેલ,ભૌતિકશાસ્ત્રના અધ્યક્ષ ડૉ.એસ.વી. ધોળકિયાએ ડૉ. ટી.આર.ત્રિવેદીનું પુષ્પગુચ્છથી સન્માન કરી,શુભેચ્છાઓ પાઠવી હતી.સાયન્સ ,કોમર્સ,આર્ટસ , પી.જી.વિભાગના તમામ અધ્યાપકોએ ,નોન ટિચિંગ સ્ટાફ, સેવકભાઈઓ તમામ દ્વારા પુષ્પગુચ્છથી ડૉ.ટી.આર.ત્રિવેદીનું સન્માન કરવામાં આવ્યું. ડૉ.ટી.આર.ત્રિવેદીએ પોતાની અભિવ્યકિતમાં સંસ્થામાં પોતાના કાર્યકાળ દરમિયાનના સંસ્મરણોનું સ્મરણ કરી, સૌનો ઋણ સ્વીકાર્યો હતો.આ કાર્યક્રમનું સુચારૂ સંચાલન જીઇઝ સંયોજક ડૉ. શિતલબેન માછીએ અને આભારવિધિ આઈ.ક્યુ.એ.સી સંયોજક ડૉ.ઈશિતાબેન પટેલે કરી હતી.સંચાલક મંડળના તમામ સભ્યોએ શુભેચ્છાઓ પાઠવી હતી.કાર્યક્રમના અંતે ડૉ. ટી.આર.ત્રિવેદી દ્વારા બધા જ માટે રોજભોગના સુચારૂ ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી.

# ભાદરવી પૂનમે અંબાજીમાં ભક્તોનું ઘોડાપુર...



અમદાવાદ : ઉત્તર ગુજરાતના બનાસકાંઠા જિલ્લામાં દાંતા નજીક અરવલ્લીની ગિરિમાળાઓ વચ્ચે સ્થિત અંબાજી, જે 'મોટા અંબાજી' તરીકે પણ ઓળખાય છે, હિન્દુઓની આસ્થાનું પરમ કેન્દ્ર અને પ્રસિદ્ધ શક્તિપીઠ છે. અમદાવાદથી ૧૮૦ કિમી અને આબુરોડ રેલવે જંકશનથી માત્ર ૨૩ કિમી દૂર આવેલા આ ધામ સુધી પહોંચવા ત્રિશૂલ ઘાટમાંથી પસાર થતો નવો સુગમ માર્ગ નિર્માણ કરાયો છે.

જૂના મંદિરના સ્થાને બનેલા ભવ્ય નવા મંદિરમાં કોઈ પ્રતિમા નથી, પરંતુ ગોખને શણગારીને પૂજવામાં આવે છે. અહીં ૩૦ ઑક્ટોબર ૨૦૨૩માં સૌથી મોટા યંત્રની સ્થાપના કરવામાં આવી છે. મંદિરનું વિશાળ પટાંગણ 'ચાચરના ચોક' તરીકે પ્રસિદ્ધ છે. પૌરાણિક કથા મુજબ ભગવાન શ્રીકૃષ્ણનું ચૌલકર્મ (વાળ ઉતારવાની વિધિ) અહીં થયું હતું અને એમના પટરાણી રુક્મિણીજી પણ અંબામાતાના મોટા ભક્ત હતાં. ઈ.સ. ૧૫૪૫માં રાજા માલદેવ દ્વારા બનાવેલ સુંદર તળાવ જે માનસરોવર તરીકે ઓળખાય છે.અંબાજીથી ૪ કિમી દૂર આવેલો ગબ્બરનો ડુંગર પણ આદ્યશક્તિનું મૂળ સ્થાન છે. નજીકમાં એક કિમી દૂર ૧૧મી સદીમાં વિમળ શાહે બંધાવેલાં અદભુત શિલ્પકળા ધરાવતાં કુંભારિયાનાં જૈન મંદિરો અને સરસ્વતી નદીનું ઉત્પત્તિ સ્થાન ગૌમુખ દર્શનીય છે. આ ઉપરાંત, અહીં ખનીજ શોધખોળ માટેનું ભૂસ્તર વિભાગનું કાર્યક્ષેત્ર, વેધશાળા તેમજ વેદપાઠશાળા કાર્યરત છે, જ્યાં દર વર્ષે દેશભરના બ્રાહ્મણો વેદપઠન સ્પર્ધામાં ભાગ લે છે. આ પવિત્ર તીર્થ બારેમાસ યાત્રાળુઓથી જીવંત રહે છે. કારતકી પૂનમનો મેળો સ્થાનિક સ્તરે ઉત્સાહપૂર્વક ઉજવાય છે, જ્યારે ભાદરવી પૂનમે દેશ-વિદેશમાંથી લાખો ભક્તો પદયાત્રા કરીને મા અંબાના દર્શને પહોંચે છે. -વસંત મહેતા (સિનિયર પત્રકાર -લેખક )

# મોડાસા ખાતે તુલસી આંગન રેસિડેન્સીમાં બાળકોના વેશભૂષા કાર્યક્રમે માણ્યો અદ્ભુત નજારો







અરવલ્લી જિલ્લાના મોડાસા ખાતે આવેલ તુલસી આંગન રેસિડેન્સીમાં ચાલતા ગણેશ મહોત્સવના દસમા દિવસે બાળકોના વેશભૂષા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમમાં બાળકોએ અલગ-અલગ પાત્રોમાં ભાગ લીધો હતો. કોઈ બાળક શ્રીનાથજી, તો કોઈ શ્રીકૃષ્ણ, ગણપતિ, પોલીસ અને રબારી જેવા પરંપરાગત સાંસ્કૃતિક વેશમાં સજ્જ થઈને શોભામાં અભિવૃદ્ધિ કરી હતી. બાળકોના આ દિવ્ય દર્શનને સોસાયટીના રહીશોએ ખૂબ જ ઉત્સાહથી વધાવ્યું હતું.કાર્યક્રમ બાદ મોડી રાત સુધી બહેનો અને યુવાનોએ ગરબાની રમઝટ બોલાવી દસમા દિવસની ઉજવણી આનંદભેર પૂર્ણ કરી હતી.

# સેજકપર ખવડ પરિવાર દ્વારા મોમાઈ માતાજીની ભવ્ય પ્રાણ પ્રતિષ્ઠા યોજાઈ



સેજકપર ગામે ખવડ પરિવારના કુળદેવી શ્રી મોમાઈ માતાજીની ભવ્ય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ભક્તિભાવ અને ધાર્મિક માહોલ વચ્ચે સંપન્ન થયો હતો. પ્રાણ પ્રતિષ્ઠા નિમિત્તે વિવિધ ધાર્મિક વિધિઓ, પૂજા-અર્ચના, યજ્ઞ તથા મહાપ્રસાદીનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પાવન પ્રસંગે ૫૧ કુંડી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. યજ્ઞમાં ૫૧ દંપતીઓ સાતક તરીકે બિરાજમાન થયા હતા અને અવધેશભાઈ શાસ્ત્રીની ઉપસ્થિતિમાં વૈદિક મંત્રોચ્ચાર સાથે હવનવિધિ સંપન્ન કરવામાં આવી હતી.પ્રસંગે ધજાળા લોમબાપુની જગ્યાના મહંત પરમ પૂજ્ય શ્રી ભરતબાપુ, સોનગઢ લાખાબાપુની જગ્યાના મહંત શ્રી કિશોરબાપુ, મોલડી રતાબાપુની જગ્યાના મહંત શ્રી દેવુબાપુ તથા અવધેશભાઈ શાસ્ત્રી સહિતના સંતો-મહંતોની પાવન ઉપસ્થિતિ રહી હતી. સંતો-મહંતોના આશીર્વચનથી સમગ્ર પ્રસંગને વિશેષ આધ્યાત્મિક મહત્તા પ્રાપ્ત થઈ હતી.

આ ઉપરાંત તાલુકા પંચાયત સાયલાના શ્રી સુરેશભાઈ દદુભાઈ ખવડ પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને મોમાઈ માતાજીના દર્શન કરી આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.

ખવડ પરિવાર દ્વારા પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તે ભાવિકો માટે મહાપ્રસાદીની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. ધાર્મિક વિધિઓ અને સંતોના આશીર્વાદ સાથે યોજાયેલા આ પાવન પ્રસંગે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓએ માતાજીના દર્શન કરી પરિવાર તથા સમાજના સુખ, શાંતિ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી હતી.સમગ્ર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ શ્રદ્ધા, ભક્તિ અને ઉત્સાહભેર સંપન્ન થતાં સેજકપર ગામમાં ભક્તિમય અને ધાર્મિક વાતાવરણ છવાઈ ગયું હતું.

## આત્મનિર્ભર ભારત'ને મોટું પ્રોત્સાહન

# MoD દ્વારા IAF માટે ૧૬૦ સેટેલાઇટ સ્માર્ટ એન્ટી-એરફિલ્ડ વેપન્સ માટે BDL સાથે ?૮૧૧ કરોડનો કરાર

રક્ષા મંત્રાલયે ભારતીય વાયુસેના માટે ૧૬૦ સેટેલાઇટ સ્માર્ટ એન્ટી-એરફિલ્ડ વેપન્સ તથા સંબંધિત સાધનોની ખરીદી માટે ભારત ડાયનેમિક્સ લિમિટેડ (મ્ઢન) સાથે કુલ ?૮૧૦.૭૯ કરોડનો કરાર કર્યો છે. આ કરાર 'Buy (Indian – Indigenously Designed, Developed and Manufactured)' શ્રેણી હેઠળ કરવામાં આવ્યો છે. ૨૩ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ નવી દિલ્હીમાં રક્ષા સચિવ શ્રી રાજેશ કુમાર સિંહની હાજરીમાં આ કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.સત - સાવ એક હવાથી જમીન પર પ્રહાર કરતું ચોકસાઈભર્યું ગ્લાઇડ બોમ્બ છે, જેને જગુઆર, હવાક અને એસ યુ - ૩૦ એક જેવા વિમાનોથી લોન્ચ કરી શકાય છે. તેમાં લાંબા અંતરેથી દુશ્મનના એરફિલ્ડને નિષ્ક્રિય કરવાની ક્ષમતા છે.



આ સિસ્ટમને ડીઆરડીઓ દ્વારા સ્વદેશી રીતે ડિઝાઇન અને વિકસાવવામાં આવી છે. તેમાં ૬૦% સ્વદેશી સામગ્રી હશે. સાથે સાથે ઈનિશિયલ મેઝરમેન્ટ યુનિટ,લોંગ ઈમ્પેક્ટ ડીલે ફ્યુઝ અને ટ્વીન સ્ટોર કેરિયર જેવા સબ-સિસ્ટમને પણ સ્વદેશી બનાવવામાં આવશે, જે સંરક્ષણ ક્ષેત્રમાં આત્મનિર્ભરતાને વધુ વેગ આપશે.સત - સાવ ની ડિલિવરી ૨૦૨૭-૨૦૨૮ અને ૨૦૨૮-૨૦૨૯ દરમિયાન કરવામાં આવશે. તેના ભારતીય વાયુસેનામાં સમાવેશથી તેની ઓપરેશનલ ક્ષમતામાં વધારો થશે, સતત કામગીરીને વધુ મજબૂતી મળશે અને દેશની સંરક્ષણ તૈયારીઓને વધુ મજબૂતી મળશે.

# ગુજરાતમાં બે જ વર્ષમાં વૃદ્ધાશ્રમોની સંખ્યા વધીને ૩૭૬ થઈ, દર પાંચ દિવસે બની રહ્યું છે નવું ઘરડાઘર

ગુજરાતમાં બદલાતી સામાજિક પરંપરાથી વૃદ્ધો એકલા પડી રહ્યા છે. સંતાનોના વિદેશ કે અન્ય શહેરોમાં સ્થાયી થવાથી માતા-પિતા માટે વૃદ્ધાશ્રમોની માંગ વધી છે. બે વર્ષમાં ૧૪૦ નવા સેન્ટર ઉમેરાતા, હાલ ૩૭૬ પ્રાયવેટ અને સંસ્થાકીય વૃદ્ધાશ્રમો નોંધાયા છે. અમદાવાદમાં ૮૬, સુરતમાં ૬૩, વડોદરામાં ૪૮ અને રાજકોટમાં ૨૩ વૃદ્ધાશ્રમો સાથે, આ સમસ્યા એક વિકસતા સર્વિસ સેક્ટરમાં પરિવર્તિત થઈ છે.ગુજરાતમાં સંયુક્ત પરિવારની પરંપરાગત વ્યવસ્થા ઝડપથી બદલાઈ રહી છે, જેની સીધી અસર વૃદ્ધોના જીવન પર જોવા મળી રહી છે. સંતાનો નોકરી-ધંધા અર્થે અન્ય શહેરોમાં કે વિદેશમાં સ્થાયી થવાથી એકલા પડતાં માતા-પિતા માટે વૃદ્ધાશ્રમ હવે માત્ર નિરાધાર લોકો માટેનું આશ્રયસ્થાન નથી. ગુજરાતના શહેરોમાં ખાનગી ધોરણે કે ટ્રસ્ટ સંચાલિત સીનિયર કેર હોમ્સની સંખ્યા ઝડપથી વધી રહી છે. આ સ્થિતિમાં અમદાવાદ જેવા શહેરમાં અખબાર નગર, વાડજ, નારણપુરા અને વસ્ત્રાપુર જેવા વિસ્તારોમાં વૃદ્ધાશ્રમ કે સીનિયર લિવિંગ સ્પેસ માટે બંગલો અને ટેનામેન્ટની માંગ પણ નોંધપાત્ર રીતે વધી છે.વર્ષ ૨૦૨૬ના બિઝનેસ-લિસ્ટિંગ ડેટા અનુસાર ગુજરાતમાં હાલ આશરે ૩૭૬ જેટલા પ્રાયવેટ અને સંસ્થાકીય વૃદ્ધાશ્રમો, સીનિયર લિવિંગ અને કેર સેન્ટરો નોંધાયેલા છે. બે વર્ષ પહેલાંના અહેવાલોમાં આ સંખ્યા ૨૩૫થી વધુ હતી. આમ, છેલ્લા બે જ વર્ષમાં આશરે ૧૪૦ નવી સંસ્થા ઉમેરાઈ છે. સરેરાશ ગણતરી કરીએ તો ગુજરાતમાં દર ૫ દિવસે વૃદ્ધોની સંભાળ રાખતી એક નવી સંસ્થા ઉમેરાઈ રહી છે.ગુજરાતમાં વૃદ્ધ સંભાળના આ નવા નેટવર્કનું સૌથી મોટું કેન્દ્ર અમદાવાદ બન્યું છે. વર્ષ ૨૦૨૬ના ડેટા અનુસાર અમદાવાદમાં આશરે ૮૬, સુરતમાં ૬૩, વડોદરામાં ૪૮, રાજકોટમાં ૨૩ અને જૂનાગઢમાં ૧૭ લિસ્ટેડ વૃદ્ધાશ્રમ છે. માત્ર અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટ મળીને ૨૨૦ જેટલી સંસ્થા છે. અમદાવાદમાં એક સમયે માત્ર ૧૫ જેટલા વૃદ્ધાશ્રમ હતા, જે વધીને ૪૨ થયા હતા અને હવે વિવિધ ડિરેક્ટરીઓમાં ૮૬ જેટલી સંસ્થાનું લિસ્ટિંગ છે, જેમાં આ વૃદ્ધાશ્રમો ઓલ્ડ એજ હોમ, આસિસ્ટેડ લિવિંગ, સીનિયર કેર હોમ્સ અને સ્પેશિયલ કેર સેન્ટરો તરીકે પણ નોંધાયેલા છે.




Printer/publisher/0wner & Editor:Pradip.A.Raval Printed at Jay Graphics & Printers,C15, Vikram Chambers,Income Tax.Ashram Road.Ahmedabad-380009.Published At : Plot No:581/1,Sector-7 B.Gandhinagar - 382007.Gujarat